# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પર વાતચીત આગળ વધારવામાં સહકાર બદલ સ્લોવાકિયાના પ્રધાનમંત્રીનો આભાર માન્યો.

2) ભારત અને સ્લોવાકિયા વચ્ચે 11 સમજૂતી કરાર થયા.

3) સરકારે જણાવ્યું, તમામ ઑઈલ રિફાઈનરી પૂરતા કાચા તેલના ભંડાર સાથે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત્.

4) ઉત્તર રેલવેના અંબાલા અને ગુજરાતના અમદાવાદ મંડળ માટે કવચ પરિયોજનાને રેલવેની મંજૂરી.

5) બ્રિટનમાં 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે જોખમી સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ.

6) ફીફા વિશ્વકપ 2026માં ગ્રૂપ એફ-ની મેચમાં ટ્યૂનિશિયા સામે સ્વીડનનો વિજય.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM SLOVAKIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પર વાતચીત આગળ વધારવામાં સહકાર બદલ સ્લોવાકિયાના પ્રધાનમંત્રી રોબર્ટ ફિકોના તેમનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, બંને પક્ષ આ કરારના ઝડપી અમલીકરણ માટે કામ કરશે, જેથી તેમના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને વેપારીઓને લાભ મળી શકે.

બ્રાતિસ્લાવામાં સ્લોવાકિયાના પ્રધાનમંત્રી સાથે સંયુક્ત સંવાદદાતા સંમેલનને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, મુક્ત વેપાર કરારનું સફળ સમાપન ભારત-યુરોપીયન સંઘના આર્થિક સંબંધમાં મહત્વનું સાબિત થશે.

શ્રી મોદીએ ભાગીદારીમાં ટેક્નોલૉજીની વધતી ભૂમિકા પર પ્રકાશ પાડતા કહ્યું, ડિજિટલ ટેક્નોલૉજી બંને દેશ વચ્ચે ભવિષ્યના સહયોગનો એક મુખ્ય સ્તંભ હશે.

વૈશ્વિક મુદ્દાઓ અંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ભારત અને સ્લોવાકિયા તમામ વિવાદ અને તણાવનું સમાધાન શાંતિપૂર્ણ રીતે થવું જોઈએ તેના પર સંમત થયા છે.

**(BYTE: PM MODI) – GLOBAL CHALLENGES**

# REV INTER MINISTERIAL WEST ASIA

સરકારે જણાવ્યું, તમામ ખનીજ તેલ શુદ્ધિકરણ કારખાના એટલે કે, ઑઈલ રિફાઈનરી પૂરતા કાચા તેલના ભંડારની સાથે સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી રહી છે. તેમજ પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો જાળવી રખાયો છે. પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ પર નવી દિલ્હીમાં યોજાયેલા આંતર-મંત્રાલય સંવાદદાતા સંમેલનમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, સરકારે ઔદ્યોગિક અને વાણિજ્યિક સંસ્થાઓને છૂટક દુકાનોમાંથી પેટ્રોલ અને ડીઝલ ખરીદવા પર અસ્થાયી પ્રતિબંધ લગાવ્યો છે.

(BYTE: SUJATA SHARMA)

બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના નિદેશક ઓપેશ કુમાર શર્માએ કહ્યું, 62 હજાર મેટ્રિક ટનથી વધુ LNG લઈ જતું માલવાહક જહાજ “દિશા” હોર્મૂઝ સામુદ્રધૂનીમાંથી સલામત રીતે પસાર થયું છે.

# PM US IRAN

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતીનું ભારતે સ્વાગત કર્યું. આ સંઘર્ષથી સમગ્ર વિશ્વમાં ગંભીર આર્થિક સંકટ સર્જાયું અને અનેક દેશમાં જાનમાલનું પણ નુકસાન થયું છે.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારતને આશા છે કે, આ સમજૂતીથી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહેશે તેમજ શિપિંગ અને વેપારની સ્વતંત્રતા સુનિશ્ચિત થશે. પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા અને કાયમી અંતિમ સમાધાન સુધી પહોંચવા તત્પર છે.

# RAILWAY GUJARAT

રેલવે મંત્રાલય દ્વારા ગુજરાતના અમદાવાદ મંડળ માટે 140 કરોડ રૂપિયા અને ઉત્તર રેલવેના અંબાલા મંડળ માટે 201 કરોડ રૂપિયાની કવચ પરિયોજનાને મંજૂરી અપાઈ છે. કવચ દેશમાં વિકસિત સ્વચાલિત ટ્રેન સુરક્ષા પ્રણાલિ છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું, અમદાવાદ મંડળના 48 બ્લોક ખંડને આવરી લેતા 598 કિલોમીટરના માર્ગ પર કવચ વર્ઝન 4.0 સ્થાપિત કરવા મંજૂરી અપાઈ છે. આ મંજૂરી સાથે મંડળના અન્ય ખંડ પણ કવચ હેઠળ આવરી લેવાશે. તેથી સમગ્ર મંડળમાં સ્વદેશી ટ્રેન સુરક્ષા પ્રણાલિના વ્યાપક વિસ્તરણનો માર્ગ મોકળો થશે.

ઉલ્લેખનીય છે કે, રેલવે, સુરક્ષાને મજબૂત કરવા અને ટ્રેન સંચાલનને આધુનિક બનાવવાના સતત પ્રયાસ હેઠળ પોતાના નેટવર્કમાં કવચનું વિસ્તરણ કરી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# REV JEWAR FLIGHTS

ઉત્તરપ્રદેશના જેવરમાં નોએડા આંતર-રાષ્ટ્રીય વિમાનમથકથી વાણિજ્યિક ઉડાનનો આજથી પ્રારંભ કરાયો. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ આ ઉદ્ઘાટન સમારોહને સંબોધતા કહ્યું, પહેલા તબક્કામાં તેની ક્ષમતા પ્રતિવર્ષ એક કરોડ 20 લાખ પ્રવાસીઓની હશે.

અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ અંગે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી નાયડુએ કહ્યું, તપાસ સંપૂર્ણ ગંભીરતાથી અને નિર્ધારિત પ્રક્રિયા મુજબ ચાલી રહી છે.

**(BYTE: RAM MOHAN NAIDU KINJARAPU, UNION MINISTER OF CIVIL AVIATION)**

# BRITAIN SOCIAL MEDIA

બ્રિટન સરકારે 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે જોખમી સોશિયલ મીડિયા મંચના ઉપયોગ પર પ્રતિબંધ લગાવ્યો છે. પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે આ નિર્ણયને મોટી ક્ષણ ગણાવી.

સરકારે જણાવ્યું, તેઓ સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધથી ઘણું આગળ વધીને 16 વર્ષથી ઓછી વયના બાળકો માટે લાઈવ-સ્ટ્રીમિંગ અને અજાણ્યા લોકો સાથે વાતચીત જેવી જોખમી પ્રવૃત્તિઓને પણ અવરોધિત કરશે. સત્તાવાર નિવેદનો મુજબ, આ પ્રતિબંધ ગેમિંગ સાઈટ્સ સહિત ઑનલાઈન સેવાઓની એક વિસ્તૃત શ્રૃંખલા પર પણ લાગૂ થશે.

# RUSSIA UKRAINE

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું, રશિયાએ ગઈકાલે રાત્રે પાટનગર કીવ અને ખાર્કિવ પર હજારો ડ્રોન અને અનેક મિસાઈલથી હુમલો કરતાં 11 લોકોના મોત થયા છે. આ પહેલા ગઈકાલે ઝેલેન્સ્કી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે અલગઅલગ ટેલિફોન પર વાતચીત કરી હતી. બીજી તરફ, રશિયા-યુક્રેન યુદ્ધ આજે ફ્રાન્સમાં થઈ રહેલા જી-સાત શિખર સંમેલનમાં થનારા સંવાદમાં પણ ચર્ચાનો વિષય રહેશે.

# FIFA WORLD CUP 2026

ફૂટબોલ ફીફા વિશ્વકપ 2026માં સ્વીડને ગ્રૂપ એફ-ની મેચમાં ટ્યૂનિશિયાને પાંચ–એકથી હરાવ્યું. મેક્સિકોના મૉન્ટેરી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં સ્વીડને બીજા હાફમાં ભવ્ય પ્રદર્શન કરતા આ નિર્ણાયક જીત મેળવી વિશ્વકપ અભિયાનનો ભવ્ય પ્રારંભ કર્યો. મેટિયસ સ્વાનબર્ગે 88-મી મિનિટમાં પાંચમો ગોલ કર્યો. જ્યારે ટ્યૂનિશિયાએ હાફ ટાઈમથી પહેલા ગોલ કરવા છતાં હારનો સામનો કરવો પડ્યો.

આજે ગ્રુપ એચ-ની મેચમાં સ્પેન અને કાબો વર્ડે વચ્ચે મુકાબલો થશે. ભારતીય સમય મુજબ, રાત્રે સાડા નવ વાગ્યે અમેરિકાના એટલાન્ટા સ્ટેડિયમમાં આ મેચ રમાશે.

# JITENDRA 12 YEARS GOV

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંઘે કહ્યું, ગત 12 વર્ષમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીએ દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તે હવે વિશિષ્ટ ક્ષેત્રથી શાસન, નવીનતા અને જનકલ્યાણનું મુખ્યસ્તંભ બની ગયું છે. નવી દિલ્હીમાં “ભારતની સેવામાં વિજ્ઞાનના 12 વર્ષ” વિષય પર યોજાયેલા સંવાદદાતા સંમેલનમાં શ્રી સિંઘે કહ્યું, વિજ્ઞાન આધારિત વિકાસે ટેક્નોલૉજીને મુખ્ય રાષ્ટ્રીય મિશન્સ અને અગ્રણી કાર્યક્રમનું અભિન્ન અંગ બનાવવામાં સક્ષમ બનાવી છે. તેમણે કહ્યું, ઉદ્યોગની ભાગીદારી, નવીનતા અને જાહેર તથા ખાનગી સહયોગના કારણે સ્પષ્ટ પરિવર્તન જોવા મળી રહ્યું છે.

વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રીએ ભારતની જૈવ ટેક્નોલૉજી ક્ષેત્રના વિકાસ અંગે કહ્યું, ગત એક દાયકામાં દેશની જૈવ અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર વિસ્તરણ થયું છે. તેમણે કહ્યું, હાલના વર્ષોમાં વૈજ્ઞાનિક સંસ્થાઓએ વૈશ્વિક સ્તરે સફળતાની અનેક વાર્તાઓ રજૂ કરી છે. શ્રી સિંઘે અવકાશ, ભૂ-સ્થાનિક અને પરમાણુ ક્ષેત્રોમાં થયેલા પરિવર્તન અંગે પણ માહિતી આપી.

# FACT CHECK INVESTMENT SCHEME

સરકારે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એ વીડિયોનું ખંડન કર્યું છે, જેમાં એવો દાવો કરાયો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે સરળ આર્થિક લાભનો વાયદો કરનારા એક રોકાણ મંચનું સમર્થન કર્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો – PIBના તથ્ય તપાસ એકમે આ વીડિયોને ખોટો ગણાવતા જણાવ્યું, સરકારે આવી કોઈ યોજનાનું સમર્થન નથી કર્યું. સરકારે લોકોને આવી કોઈ પણ માહિતીની પુષ્ટિ માત્ર સત્તાવાર સ્ત્રોતથી કરવા આગ્રહ કર્યો છે.